Extra No. 361

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, NOVEMBER 27, 2025 / AGRAHAYANA 6, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી નવેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/કુતિયાણા/તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ-૬/૨૦૨૫

વંચાણે લીધાં:-

(૧) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત).

(૨) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫

(૪) રાજ્ય ચૂંટણી આયોગના કુતિયાણા તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન અને બેઠકો ફાળવણી અંગેના આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૫-કુતિયાણા- તા.પં.-૨૦૧૫, તા ૦૩/૦૯/૨૦૧૫.

(૫) રાજ્ય ચૂંટણી આયોગના કુતિયાણા તાલુકા પંચાયતની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ ક્રમાંક:- રાચઆ-સમક-યુનિટ-૬-કુતિયાણા-તા.પં. વારાફરતી ફાળવણી આદેશ-૨૦૨૦, તા.૦૯/૦૯/૨૦૨૦.

(૬) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)

(૭) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: KPV-57-DC-ELC-L-4-TP-26-2025, તા. ૦૯/૦૯/૨૦૨૫

આદેશ

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩ નો ગુજરાતનો ૧૮ મો) અને તે હેઠળના નિયમોની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરી સને ૨૦૧૧ ની વસ્તી આધારે, નક્કી કરવામાં આવેલ કુતિયાણા તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યાના આધારે કુતિયાણા તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન કરી, બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછી બીજી સામાન્ય ચૂંટણીમાં શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ ના નિયમ ૪ ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ ના ફકરા ૧૧ ની સૂચના મુજબ બીજી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની (રોટેશન) ફેરફાળવણી કરવાની થાય છે.

૫. આ સંબંધે કુતિયાણા તાલુકા પંચાયત માટે વર્ષ ૨૦૨૦ માં અનામત બેઠકોના વારાફરતી ફાળવણી અંગેનો આદેશ કરી વર્ષ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (સા. શૈ. પ. વર્ગ) માટે ફાળવવાની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકા બેઠકો સા. શૈ. પ. વર્ગો માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. જે ધ્યાને લઈ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ KPV-57-DC-ELC-L-4-TP-26-2025, તા. ૦૯/૦૯/૨૦૨૫ થી કુતિયાણા તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સા. શૈ. પ. વર્ગો (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

જિલ્લો	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	ફાળવણી કરેલ બેઠકોની સંખ્યા				સ્ત્રીઓ માટે અનામત બેઠકો			
			અ. જા.	અ. જ. જા.	સા. શૈ. પ. વર્ગ	સામાન્ય (બિનઅનામત)	અ. જા. (કોલમ નં. ૪ પૈકી)	અ.જ.જા. (કોલમ નં. ૫ પૈકી)	સા. શૈ. પ. વર્ગ (કોલમ નં. ૬ પૈકી)	સામાન્ય (કોલમ નં. ૭ પૈકી)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
પોરબંદર	કુતિયાણા	૧૬	૨	૧	૪	૯	૧	૦	૨	૫

૭. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ ના નિયમ ૪ ની જોગવાઈ ધ્યાને લેતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા. સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ ના ફકરા ૧૧ ની સૂચનાઓ ધ્યાને લઈ કુતિયાણા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની (રોટેશન) ફેર ફાળવણી કરવાની થાય છે.

૮. સબબ, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ; ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત); ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦; ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થાસ્વ-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ ની સૂચનાઓ ધ્યાને લઈ કુતિયાણા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે આ હુકમ સાથે સામેલ અનુસૂચિ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત), સ્ત્રીઓ માટે અનામત તથા બિન અનામત બેઠકોની ફાળવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

૯. કુતિયાણા તાલુકા પંચાયતના મતદાર મંડળોના સીમાંકન અંગેના આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુનિટ-૫-કુતિયાણા- તા.પં.-૨૦૧૫, તા ૦૩/૦૯/૨૦૧૫ ની સૂચનાઓ યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતના આદેશ ક્રમાંકઃ રાચઆ/ચટણ/સમક/કુતિયાણા/તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ-૬/૨૦૨૫, તા. ૨૭/૧૧/૨૦૨૫ નું સાંધણ.

અનુસૂચિ

જિલ્લાનું નામઃ પોરબંદર **તાલુકા પંચાયતનું નામઃ કુતિયાણા**

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
			સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩	૪ (૧)	૪ (૨)	૫ (૧)	૫ (૨)	૬
૧	કુતિયાણા	૧૬	૧	ચૌટા	૩	૧	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૨	છત્રાવા	૮	૩	અનુસૂચિત આદિજાતિ
			૩	દેવડા	૧૧	૧૩	સામાન્ય સ્ત્રી
			૪	ફરેર	૧૫	૧૪	સામાન્ય સ્ત્રી
			૫	ઈશ્વરયા	૫	૧૫	અનુસૂચિત જાતિ સ્ત્રી
			૬	કડેગી	૧૨	૨	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૭	ખાગેશ્રી-૧	૯	૧૧	સા.શૈ.પછાતવર્ગ
			૮	ખાગેશ્રી-૨	૧૬	૧૨	સા.શૈ.પછાતવર્ગ
			૯	કોટડા	૧૦	૧૬	સામાન્ય સ્ત્રી
			૧૦	મહીયારી	૧૪	૫	બિન અનામત સામાન્ય
			૧૧	મહોબતપરા	૭	૮	બિન અનામત સામાન્ય
			૧૨	માંડવા	૧	૯	બિન અનામત સામાન્ય
			૧૩	મોડદર	૨	૪	બિન અનામત સામાન્ય
			૧૪	પસવારી	૬	૬	અનુસૂચિત જાતિ
			૧૫	રોઘડા	૪	૭	સામાન્ય સ્ત્રી
			૧૬	સિંધપુર	૧૩	૧૦	સામાન્ય સ્ત્રી

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.12.03 19:20:20 IST